# ફોર્મ ભરતા પહેલા જરૂરી અતિ આવશ્યક સુચનાઓ

**ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની વિવિધ કોલેજોમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા (૨૦૨૩-૨૪) ના મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને સમજ**

૧. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **ug.gsauca.in** વેબસાઇટ ઓપન કરવી.

૨. ત્યારબાદ **Challan Form** પર ક્લીક કરી જરૂરી બધીજ વિગતો ભરી પ્રોગ્રામ કેટેગરી વાઇઝ ફોર્મ ફી રૂ.300/-(નોન રિફંડેબલ) ઓનલાઇન (ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ અથવા નેટબેકીંગ) ભરવાની રહેશે.

3. ફોર્મ ફી ભર્યાબાદ **Admission Form** પર ક્લીક કરી ચલણ નંબર નાખવાથી ઓનલાઇન ફોર્મ એક્ટીવેશન થશે અને ફોર્મ ઓનલાઇન ભરી શકાશે. પ્રવેશ ફોર્મ ભરતી વખતે જરૂરી બધા જ અસલ ડોક્યુમેંટની સ્કેન કોપી **(PDF)**(સ્પષ્ટ વાંચી શકાય તેવી) તથા ફોટો અને સહીનો નમુનો **(jpeg)** અપલોડ કરવાનાં રહેશે અને ત્યાર બાદ જ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

૪. ફોર્મ સબમીટ કર્યા બાદ ઓનલાઈન ભરેલ અરજી પત્રકમાં અપલોડ કરેલા તમામ ડોક્યુમેંટની ચકાસણી ઓનલાઈન જ થશે જેથી વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેતું નથી.

૫. ઓનલાઈન ફોર્મ વેરીફાય થયા બાદ **"Your registration form is sucssesfully verified"** નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. મેસેજ આવ્યા બાદ **Choice Filling Form** પર ક્લીક કરી ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે.

૬. જો વિદ્યાર્થીએ ભરેલ ફોર્મમાં કે અપલોડ કરેલા ડોક્યુમેંટમાં કોઇ ભૂલ હશે તો યુનિવર્સીટી કક્ષાએથી ફોર્મ અનવેરીફાય થયા બાદ **"Your registration form is unverified"** નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. આવા વિદ્યાર્થીઓએ **ug.gsauca.in** વેબસાઇટ પર **Check Application Status** પરથી ફોર્મનું સ્ટેટસ જાણી તેમા આવેલ ક્વેરી (ક્ષતી) જોઇ વેબસાઇટ પર **Edit Application Form** માં જરૂરી સુધારો કરી ફરીથી સબમીટ કરવાનું રહેશે. બાદમાં તે ફરીથી વેરીફાઇ કરવામાં આવશે અને **"Your registration form is sucssesfully verified"** નો મેસેજ આવશે. આ મેસેજ આવ્યા બાદ **Choice Filling Form** પર ક્લીક કરી ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે.

જે ઉમેદવારોએ ચોઇસ ફીલીંગ નહી કરેલ હોય તેઓનું નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી. જે અંગેનો વિદ્યાર્થીનો પાછળથી કોઈ હક્કદાવો રહેશે નહિ. જેની વાલીઓ તથા વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.